---

**રે.દી.મુ.નં.૪૪/ ૨૦૨૩ ના કામે આંક–૫ વાળી કામચલાઉ મનાઈ હુકમની અરજી નીચે હુકમ**

---

**કિશોર દ્વારકાદાસ ઠાકર વિ. કુલ ૨**
**રહે.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી ...વાદી**
**વિ.**
**શ્રેયસ ઘનશ્યામભાઈ ઠાકર વિ.કુલ.૭**
**રહે.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી ...પ્રતિવાદી**

---

**વાદી તરફે વિ.વ.શ્રી એન.એમ.પરીખ**
**પ્રતિવાદી નં. ૧,૪,૫,૬તરફે વિ.વ.શ્રી વાય.સી.ત્રિવેદી**
**પ્રતિવાદી નં. ૭ તરફે વિ.વ.શ્રી એ.સી.વરીયા**
**પ્રતિવાદી નં.૨/૧ તથા ૩/૧ સામે એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ કરેલ છે.**

---

(૧) વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ તથા કલમ ૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટે કરેલ છે.

(૨) વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદગ્રસ્ત મિલકતના વાદી કાયદેસરના વારસદાર અને માલિક છે. વાદીને જાણ કર્યા વિના બીજા વારસદારે તા.૧૪/ ૦૩/ ૧૯૮૨ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૩૬ થી સદર મિલકત વેચાણ કરેલ છે. સદર મિલકતનો દસ્તાવેજ પ્રતિવાદી નં.૨ થી ૬ નાએ એકબીજાના મિલાપીપણામાં છેતરપીંડીથી કરેલ છે. નિર્મળાબેન દ્વારકાદાસ મણીશંકરની અપરિણિત પુત્રી હોવાથી તેમણે કોઈને જાણ કર્યા વગર ખાનગીથી ઘનશ્યામભાઈ દ્વારકાદાસ મણીશંકર ઠાકરના પુત્ર શ્રેયસને તા.૧૨/ ૭/ ૧૯૯૪ થી દત્તક વિધાનથી દત્તક લીધેલ છે. વાદીને આ હકીકતને કોઈ જાણ નથી વાદી વાદગ્રસ્ત મિલકતમાં તેમના પરિવાર સાથે રહેતા હોવા છતા આ મિલકત પ્રતિવાદી નં.૨ વાળાએ બીજા પ્રતિવાદીઓના મિલાપીપણામાં નિર્મળાબેન કે જે દ્વારકાદાસ મણીશંકરના વારસ છે તેમને દસ્તાવેજ કરી આપેલ છે. આમ શરુઆતથી જ પ્રતિવાદી નં.૧ થી ૬ નો ઈરાદો ખોટો અને કાયદા વિરુદ્ધનો છે. નિર્મળાબેનનું તા.૨/ ૨/ ૧૯ ના રોજ અવસાન થયા બાદ તેમના દત્તક પુત્રના નામે તા.૩૧/ ૮/ ૧૯ ના રોજ નોંધ પડતા અને ત્યારબાદ શ્રેયસ ઘનશ્યામભાઈનાએ

દાવાવાળી મિલકત ઉપર ધિરાણ લેવાથી તા.૧૩/ ૧૨/ ૨૦૨૧ ના રોજ ટાઈટલ કલીયરન્સ સર્ટી મેળવવા માટે નાગરીક શરાફી સહકારી મંડળી લીમીટેડમાં વાદગ્રસ્ત મિલકત ગીરવે મુકતા તે અન્વયે મોર્ગેજ ડીડ નોંધાયેલ જે અંગેની જાણ વાદીને કરવામાં આવેલ નહીં. ત્યારબાદ તા.૧૮/ ૮/ ૨૦૨૨ ના રોજ પ્રતિવાદી નં.૭ સહકારી મંડળી તરફથી નોટીસ મળતા પ્રતિવાદી નં.૭ વાળાએ દત્તક વિધાન આધારે ધિરાણ આપેલ, તેવું વાદીના ધ્યાનમાં આવેલ. વાદીના જાણમાં જે વારસદારો છે તેમને તેઓએ આ કામે પ્રતિવાદી તરીકે જોડેલ છે જેથી નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડતો નથી. વાદગ્રસ્ત મિલકતમાં વાદીનો માલિકી હક–હિસ્સો પોષાતો આવેલ છે અને પ્રતિવાદી નં.૫ થી ૭ નાએ મેળાપીપણામાં લોન મેળવવા માટે જે મોર્ગેજ ડીડ રજૂ કરેલ છે તેને રદ કરવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીને મોર્ગેજ ડીડની જયારથી જાણ થઈ ત્યારબાદ સમયમર્યાદામાં હાલનો દાવો દાખલ કરેલ છે. જે દાવાના કામે હાલની આંક–૫ વાળી અરજી રજૂ કરી તેમાં નીચે મુજબની દાદની માંગણી કરેલ છે.

૧) સદર કામે દાવાવાળી મિલકતના વાદીઓ દ્વારકાદાસ મણિશંકર ઠાકરના સીધીલીટીના વારસદારો હોય વારસાઈ હકે વણ વહેંચાયેલ માલિકી હક્ક, હિત, હિસ્સો પોષાય છે તેવું જાહેર કરી તેવું વિજ્ઞાપન આપવાનો મનાઈ હુકમ વાદીઓના લાભમાં આપવાની, તેમજ

૨) સદર કામે દાવાવાળી મિલકતના વાદીઓ દ્વારકાદાસ મણિશંકર ઠાકરના સીધીલીટીના વારસદારો હોય વારસાઈ હક પોષતા હોય છતા વાદીઓના હિસ્સા સહીતની સમગ્ર મિલકતમાં પ્રતિવાદીઓને એકબીજાના મેળાપીપણામાં જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે તમામ વેચાણ દસ્તાવેજથી વાદીઓના હિસ્સાની મિલકત પુરતો આ કામના પ્રતિવાદીઓના કોઈ હક્ક, હિત, હિસ્સો પોતાનો નથી તેવું જાહેર કરી તેની પરિણામીક દાદ તરીક સદર વેચાણ દસ્તાવેજથી વાદીઓના પુરતા વાદીઓ સાથે ફ્રોડ કરીને કરવામાં આવેલ હોય તેવા વેચાણ દસ્તાવેજો મુળથી જ અને આશયથી જ ખોટા, ગેરકાયદેસરના હોય તે શુન્યકરણીય હોય તે વાદીઓને કોઈપણ રીતે બંધનકર્તા નથી તેવો

ડેકલેરેનનો મનાઈ હુકમ વાદીઓની તરફેણાં અને પ્રતિવાદીઓની વિરુદ્ધમાં ફરમાવી આપવાની, તેમજ

૩) સદર કામે દાવાવાળી તકરારી મિલકતના જે બે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ/ મોર્ગેજ ડીડ નં.૩૬ કુલ રૂા.૨૭,૦૦૦/ – તથા રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ/ મોર્ગેજ ડીડ નં.૧૨૯૪ પ્રતિવાદીઓ તરફથી વાદીઓની રજા–સંમતિ મિલકતના સહ માલિકો તરીકે વાદીઓની સહીઓ લીધા સિવાય નોંધણી કરાવવામાં આવેલ હોય તેવા તમામ દસ્તાવેજો પ્રથમથી જ નલ એન્ડ વોઈડની જોગવાઈઓ વિરુદ્ધ પ્રતિવાદી તરફથી કરાવવામાં આવેલ હોય તે તમામ દસ્તાવેજ વાદીઓના હિતમાં રદબાતલ જાહેર કરવાની, તેમજ

૪) સદર કામે દાવાવાળી તકરારી મિલકત ઉપર આ કામના પ્રતિવાદીઓ એકબીજાના મેળાપીપણામાં કોઈપણ ત્રાહિત વ્યકિત, સંસ્થા, બેંક, શરાફી પેઢી, વિગેરે પાસેથી કોઈપણ જાતનું ધિરાણ, બોજો લોન, મેળવે નહીં કે સદરહુ જમીન કોઈપણ રીતે તારણ બોજમાં મૂકે મૂકાવડાવે નહીં કે પ્રતિવાદીઓ જાતે પોતે કે તેમના માણસો, કુલમુખત્યારો સદર દાવાવાળી જમીન કે તેનો કોઈપણ ભાગ વાદીઓની રજા–સંમતિ સિવાય અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિતની તરફેણમાં ટ્રાન્સફર એસાઈન કરવા અંગેના કોઈપણ જાતના લખાણો, કરારો, કબુલાત, દસ્તાવેજો, પાવર ઓફ એટર્ની વિગેરે કરી આપે નહીં કે સદરહુ જમીન કોઈને કોઈપણ રીતે વેચાણ ગીરો, બક્ષીસ કરે–કરાવે નહીં કે સદરહુ મિલકતમાં ખોટી રીતે પઝેશન લે–લેવડાવે નહીં કે દાવાવાળી મિલકતનો કબજો અન્ય કોઈ ત્રાહિત વ્યકિતની તરફેણમાં ટ્રાન્સફર એસાઈન કરે–કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓ તથા તેમના માણસો, નોકરો, એજન્ટો, કુલમુખત્યારોની વિરુદ્ધમાં ફરમાવવાની, તેમજ

૫) સદર કામે દાવાવાળી તકરારી મિલકતમાં વાદીઓ દ્વારકાદાસ મણિશંકર ઠાકરના સીધીલીટીના વારસદારો અને પુખ્તવયના હોવા છતાં વાદીઓની રજા–સંમતિ સિવાય વાદીના ભાગની વણ વહેંચાયેલ મિલકત બાકીના પ્રતિવાદીઓ

તરફેણ તબદીલ, ટ્રાન્સફર કરવાનો કાયદેસરનો અધિકાર ન હોવાનું, રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૬ અને મોર્ગેજ ડીડ નં.૧૨૯૪ વાદીના વણ વહેંચાયેલ હિસ્સા પુરતો રદબાતલ ઠરાવી તથા ત્યારબાદ થયેલા બાકીના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અને મોર્ગેજ ડીડ વાદીના હિસ્સા પુરતા, વાદીની જાણ બહાર, વાદીની સહ–સંમતિ વગર થયેલ હોય, ગેરકાયદેસર હોય, નિર્થક અને બીન અમલી હોવાનું ઠરાવી આપી, આ કામના પ્રતિવાદીઓ સદર દાવાવાળી મિલકત વેચે–વેચાવે નહીં કે ઈતર કોઈપણ પ્રકારે તબદીલ કરે–કરાવે નહીં કે બોજો કરે–કરાવે નહીં તેવો કાયમી તાકીદનો મનાઈ હુકમ વાદીઓની તરફેણમાં કરી આપવાની, તેમજ

૬) દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવાની તથા બીજી યોગ્ય અને ન્યાયી દાદ આપવાની, માંગણી કરેલ છે.

(૩) સદર કામે પ્રતિવાદીઓને ધારાધોરણસરનો સમન્સ–નોટીસ બજી જતા પ્રતિવાદી નં.૧,૪,૫,૬ વાળા તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ તેઓએ આંક–૨૦ થી દાવા જવાબ રજૂ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૭ વાળા તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ આંક–૧૫ થી જવાબ રજૂ કરેલ છે. પ્રતિવાદી નં.૧,૪,૫,૬, વાળાએ તેમના આંક–૨૦ વાળા દાવા જવાબમાં જણાવેલ છે કે, વાદીએ વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે, પરંતુ સદર દસ્તાવેજ સને ૧૯૮૨ ની સાલમાં રજિસ્ટર્ડ થયેલ છે. આ વેચાણ દસ્તાવેજ થયો તે સમયે પણ વાદી તથા પ્રતિવાદી દામનગર મૂકામે સાથે રહેતા હતા તેથી વાદીને આ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થયો તેની પહેલેથી જાણ છે. દત્તક વિધાન થયેલ ત્યારે પણ વાદી હાજર હતા તેથી દત્તક વિધાનની પણ વાદીની જાણ છે. આમ છતા સત્ય હકીકત છુપાવી વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીના દાવાને નોન–જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટી તથા મીસ જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડે છે. વાદીએ રાજેન્દ્રભાઈના વારસદાર તરીકે માત્ર તરુણાબેનને જોડેલ છે અને તેના પુત્ર યશભાઈ તથા પ્રતિકભાઈને જોડેલ નથી. તેવી જ રીતે ઘનશ્યામભાઈના વારસ તરીકે એકને જ જોડેલ છે જયારે ઘનશ્યામભાઈના પુત્ર મયંકને આ કામે જોડેલ નથી. તેવી

જ રીતે અનંતરાય દ્વારકાદાસના વારસ તરીકે પંકજભાઈને જોડેલ છે તેમના પત્ની હીરાબેન અનંતરાયને જોડેલ નથી. તેમજ હર્ષદરાય દ્વારકાદાસના વારસ તરીકે ફક્ત વિમલભાઈને જોડેલ છે પરંતુ પુષ્પાબેનને જોડેલ નથી તથા વિનોદકુમારના વારસ તરીકે ચીરાગભાઈને જોડેલ છે. જયારે તેમના પત્ની મમતાબેનને જોડેલ નથી તેવી જ રીતે દ્વારકાદાસ ઠાકરના પુત્રી શારદાબેન તથા લીલીબેનને આ કામે જોડેલ નથી. વિશેષમાં જણાવે છે કે પ્રતિવાદી નં.૬ દલજીભાઈ સિંધવની પક્ષકાર તરીકે જરૂર ન હોવાછતાં તેમને ખોટી રીતે જોડેલ છે. આમ, વાદીનો દાવો સમયમર્યાદાને કારણે ચાલી શકે તેમ ન હોય તેમજ વાદીના દાવાને નેસેસરી પાર્ટીનો બાધ નડે છે. જેથી વાદીની હાલની અરજી મંજૂર કરવા પાત્ર ન હોય નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) જયારે પ્રતિવાદી નં.૭ વાળાએ તેમના આંક–૧૫ વાળા દાવા જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ વાળાએ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ રજૂ કરી રૂા.૫,૦૦,૦૦૦/ – લાખનું ધિરાણ વાદગ્રસ્ત મિલકત ઉપર મોર્ગેજ ડીડ કરી મેળવેલ છે. સદર મિલકત મંડળીના કબજામાં છે. સદર કામે સરકારશ્રીને પક્ષકાર તરીકે જોડવા જોઈએ પરંતુ વાદીએ જરૂરી પક્ષકાર જોડેલ નથી. વાદગ્રસ્ત મિલકત ઉપર મોર્ગેજ ડીડ થયેલ હોય પ્રતિવાદી નં.૭ મંડળીને અગ્ર હક્ક હોય વાદીએ જરૂરી પક્ષકાર જોડેલ ન હોય વાદીએ દત્તક વિધાનને પણ ચેલેન્જ કરેલ ન હોય જેથી હાલની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે. વિશેષમાં તેઓ જણાવે છે કે વાદી વાદગ્રસ્ત મિલકતમાંથી હિસ્સો લેવાની હકીકત જણાવે છે પરંતુ મંડળીનું જે લેણું છે તે ચૂકવવા માટે તૈયાર નથી. આમ, વાદીનો ઈરાદો ધ્યાને લેતાં વાદી ચોખ્ખા હાથે આવેલ નથી. સદર અરજી નિર્ણીત કરતા સમયે ધ્યાને લેવા પાત્ર ત્રણેય તત્વો વાદીની તરફેણમાં ન હોય જેથી હાલની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) વિશેષમાં રેકર્ડ ધ્યાન લેતાં પ્રતિવાદી નં.૨/ ૧ તથા પ્રતિવાદી નં.૩/ ૧ ને પ્રોસેસ બજી જવા છતા તેઓ હાજર ન રહેતા તેમના વિરુદ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ કરેલ હોય તેઓ તરફે કોઈ અરજ/ રજૂઆત રેકર્ડ પર આવેલ નથી.

(૬) ત્યારબાદ વાદીપક્ષે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં તેમની દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે. જયારે પ્રતિવાદી નં.૧ તથા ૪ થી ૭ તરફે પણ તેમના વિ.વ.શ્રીએ તેમના દાવા જવાબની હકીકતોનું પુનરાવર્તન કરી હાલની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૭) રેકર્ડ પરની તમામ હકીકતો તેમજ પક્ષકારો તરફથી કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં, આ અરજીના નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧) શુ વાદી સાબિત કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨) શુ વાદી સાબિત કરે છે કે, જો તેમને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાનો સંભવ છે ?

૩) શુ વાદી એ હકીકત સાબિત કરે છે કે, અગવડ-સગવડની સમતુલા તેમની તરફેણમાં છે ?

૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો અને તેનાં કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણયો :-**

૧) નકારમાં,

૨) નકારમાં,

૩) નકારમાં,

૪) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**મુદ્દા નંબર-૧ થી ૩ :-**

(૯) મુદા નં.૧ થી ૩ ની હકીકત કાયદાની દ્રષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંલગ્ન હોય એકની એક હકીકતનું પુનરાર્વતન ટાળવા તેની ચર્ચા એકસાથે કરવામાં આવી છે.

(૧૦) કાયદાનો સુસ્થાપિત સિધ્ધાંત છે કે જયારે પક્ષકારો સી.પી.સી. ઓર્ડર– ૩૯ રૂલ–૧, ૨ સાથે વાંચતા કલમ ૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈહુકમની માંગણી કરતા હોય ત્યારે પોતાનો પ્રાઈમાફેસી કેસ છે અને મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે અને સગવળતા અગવળતાનું ધોરણ તેમની તરફેણમાં છે તે પ્રસ્થાપિત કરવુ પડે, સાથે સાથે જયારે સમન્યાયની દાદ માંગતા હોય ત્યારે દરેક પક્ષકારે નામ. કોર્ટ સમક્ષ સ્વચ્છ હાથે આવવુ પડે.

(૧૧) આંક–૫ ની દાદ ઘ્યાન લેતાં સદર આંક–૫ વાળી અરજીની દાદ તથા દાવા અરજીની દાદ આ બંને દાદ એકસરખી દાદ છે. જો આ તબકકે જ વાદીની વચગાળાની આંક–૫ વાળી અરજી અન્વયે દાદ મંજૂર કરવામાં આવે તો પુરાવો લીધા સિવાય દાદ મંજૂર થઈ જશે. જેના કારણે પ્રતિવાદીને પુરાવો રજૂ કરવાની કોઈ તક નહીં મળે જેના કારણે તેઓને નુકસાન થવાની શક્યતા રહેલી છે. વિશેષમાં પ્રતિવાદી નં.૭ એ નાણા ધીરધાર કરતી મંડળી છે અને તેણે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટના આધારે વાદગ્રસ્ત પ્રોપર્ટી મોર્ગેજ કરી પ્રતિવાદી નં.૧ વાળાને રૂા.૫,૦૦,૦૦૦/ – નું ધિરાણ કરેલ છે. આ સંજોગોમાં જો વાદીની અરજી મંજૂર કરવામાં આવે તો વાદી કરતા પ્રતિવાદીને વધુ નુકસાન થવાની શક્યતા રહેલી છે. આમ આ કામે રજુ દસ્તાવેજી આધાર ઘ્યાને લેતાં, વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો ન હોય, જો કામચલાઉ મનાઈહુકમ વાદીની તરફેણમાં આપવામાં આવે તો, વાદી કરતાં પ્રતિવાદીઓને વધુ નુકશાન જાય તેમ હોય અને તેને પરિણામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નહી પરંતુ પ્રતિવાદીઓની તરફેણમાં હોય, જેના કારણે સદર અરજી નામંજૂર કરવામાં આવે તો પણ વાદીને નુકસાન થવાની સંભાવના રહેલ ન હોય અને તે રીતે કામચલાઉ મનાઈ હુકમ મેળવતી વખતે વિચારણામાં લેવાપાત્ર થતા આવશ્યક ત્રણેય તત્વો વાદીની તરફેણમાં ન હોય, વાદીની આંક–૫ વાળી અરજીની દાદ ઘ્યાને લેતા પુરાવો લીધા સિવાય સદર દાદ મંજૂર થઈ શકે તેમ ન હોય તે સંજોગોમાં હાલની અરજી મંજૂર કરવી યોગ્ય અને ઉચીત જણાતી ન હોય **મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં** આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

૧) વાદી તરફે રજૂ થયેલ હાલની આંક–૫ વાળી કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

૨) હાલની અરજીનો ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.૨૮ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

લાઠી.
તા.૨૮/ ૦૮/ ૨૦૨૪

**(દિપેન જ્યોતિન્દ્રભાઈ દોશી)**
પ્રિન્સિપાલ સિવિલજજ, લાઠી.
જજ કોડ–જીજે૦૧૨૮૮.